ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

*વિસ્તારવાદની ટાઢે ઠેર-ઠેર તાપણા કરે છે,*
*ચૂંટેલી સરકારો તોડવાનાં વામણા ઠરે છે!*
*ભ્રમણા છે રાષ્ટ્ર પર ફગવો ફરકાવવાની -*
*ચાંપે સળી ખોટા નિર્ણયોની ને શમણાં સરે છે...*
*(ખોટા નિર્ણયોથી રાષ્ટ્રમાં અરાજકતા)*

હાઈકુ

*દાઝે છે પ્રજા,*
*ચોમેર પ્રગટી છે -*
*અશાંતિ હોળી...*

*ઘૂરકે સામે -*
*બંગાળની વાઘણ -*
*કરે દાંતીયાં...*

### ચિંતન

**સુખદુ:ખેચ્છાલાભા દિત્યક્તે કાલે પ્રતિક્ષ્યમાણે ।**
**ક્ષણાર્ધમપિ વ્યર્થં ન નેયમ્ ॥**

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

સુખ, દુ:ખ, ઈચ્છા, લાભ વગેરેનો પૂર્ણ ત્યાગ થઈ જાય એવા સમયની રાહ જોવામાં અર્ધી ક્ષણેય વ્યર્થ ન વિતાવવી જોઈએ.

જ્યારે સાધકે સુખ, દુ:ખ, ઈચ્છા અને લાભ વગેરેનો ત્યાગ કર્યો છે અને તે ઊંચી માનસિક ભૂમિકા પર છે, ત્યારે તેણે એક ક્ષણ પણ નકામી ન જવા દેવી જોઈએ. બધો સમય ઈશ્વર ધ્યાનમાં જ વાપરવો જોઈએ.

જો સાધક સતત જાગૃત અને સાવધાન ન રહે તો રજસ અને તમસ તેને અવશ્ય નીચે પાડશે. માયા આવી ક્ષણની જ રાહ જોઈ રહી હોય છે. આથી તો જેવી રીતે પિત્તળનું વાસણ માંજવામાં ન આવે તો કાળું પડી જાય છે, તેવી જ સ્થિતિ મનની પણ થશે.

### સુવિચાર

- જો બાહર કી સુનતા હૈ... બિખર જાતા હૈ... જો ભિતર કી સુનતા હૈ... સંવર જાતા હૈ - **ઓશો**
- શિક્ષણ એ માનવમાં થતું મૂડી રોકાણ છે - **ગુન્નાર મિડરાલ**
- ભયથી ઉત્પન્ન થયેલું મૌન પશુતા છે, સંયમથી ઉત્પન્ન થયેલું મૌન સાધુતા - **હરિભાઈ ઉપાધ્યાય**
- જીવભાવને ઈશ્વરના ચારણોમાં સમર્પણ કરી દેવો એને જ હું મરણ કહું છું - **સંત જ્ઞાનેશ્વર**
- પ્રાર્થનામાં અંત:કરણ ના હોય તેવા શબ્દો કરતાં શબ્દ વગરનું અંત:કરણ વધારે સારું છે - **સંત ઓગસ્ટીન**
- જો માણસ નિરંતર સુખી થવા ઈચ્છે તો તેણે પરોપકાર માટે જીવવું જોઈએ - **ટાગોર**
- આજનું ઔષધ : તમાલપત્રનો પાઉડર નવશેકા ગરમ પાણી સાથે પા ચમચી ભર લેવાથી સામાન્ય શરદીમાં તરત રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સંત જ્ઞાનેશ્વરે એક સત્સંગમાં કહ્યું, 'પરમાત્મા, જ્ઞાન, વિવેક, શક્તિ અને ભક્તિ માત્ર સુપાત્ર લોકોને જ આપે છે.' સંતની આ વાત સાંભળી એક મહિલાએ પૂછ્યું, 'તો પછી ભગવાનનો અર્શ શો?' તેમણે તો બધાને સમાન રીતે આશીર્વાદ આપવા જોઈએ.' સંત જ્ઞાનેશ્વરે ત્યારે જવાબ આપવાનું મુનાસિબ ન લાગ્યું. બીજા દિવસે સંતે એક મૂર્ખ ને બોલાવીને કહ્યું, 'જાવ, પેલી, મહિલા પાસે જઈને તેના ઘરેણાં માંગી લાવો.' પેલા મૂર્ખે સંતની આજ્ઞા મુજબ મહિલા પાસે ઘરેણાં માગ્યા. પેલી મહિલા ઉશ્કેરાઈ ગઈ અને એણે મૂર્ખને ભગાડી દીધો. થોડીવાર પછી સંત જ્ઞાનેશ્વર પોતે એ મહિલા પાસે ગયા અને પૂછ્યું, 'બહેન', શું તમે તમારા ઘરેણાં એક દિવસ માટે મને આપી શકશો? કામ પૂરું થતાં હું તમને એ પરત કરી દઈશ.' મહિલાએ કોઈ પણ જાતનાં ખચકાટ વગર ઘરેણાં લાવી સંતના હાથમાં મૂકી દીધા. ઘરેણાં લઈ સંતે મહિલાને પૂછ્યું, 'મારા પહેલાં જે વ્યક્તિએ તમારી પાસે ઘરેણાં માગ્યા ત્યારે તમે ઘરેણાં કેમ ન આપ્યાં ?' મહિલાએ કહ્યું, 'એ મૂર્ખ માણસને હું મારા કિંમતી ઘરેણા કેવી રીતે આપી શકું?' ત્યારે સંતે કહ્યું, 'બહેન તમે તમારા કિંમતી ઘરેણાં કોઈ કુપાત્ર વ્યક્તિને આપવા તૈયાર નથી તો વિચારો કે ભગવાન પોતાના દિવ્ય આશીર્વાદ કુપાત્રને કેવી રીતે આપે? ઈશ્વર પણ પરીક્ષા કરે અને પાત્રતા જોઈને આશીર્વાદ આપે, અથવા ન આપે.' બહેન ને પોતાના સવાલનો જવાબ મળી ગયો.

# દૂધસાગર ડેરીની માઠી દશા

તંત્રીસ્થાનેથી...

આણંદમાં વર્ગીસ કુરિયનના કુશળ માર્ગદર્શન હેઠળ અને ખેડા જિલ્લાના લોકનેતા ત્રિભોવનદાસ પટેલના નેતૃત્વમાં શરૂ થયેલી અમૂલ ડેરીની સ્થાપના પછી મહેસાણા જિલ્લાના સાંસદ અને ખેડૂત આગેવાન સ્વ. માનસિંહ પૃથ્વીરાજ પટેલે પોતાના વિસ્તારમાં દૂધસાગર ડેરીની સ્થાપના કરી તે ઉત્તર ગુજરાતના આર્થિક વિકાસનું આગવું સીમાચિહ્ન હતું. લોકો પશુપાલનમાંથી પણ મબલક આવક રળી શકે અને ખેતીની પૂરક આવક તરીકે પરિવારની નાણાંકીય સ્થિતિ સુધારી શકે, એ વાત પશુપાલક પ્રજાને ગળે ઉતારવાની ઝુંબેશ રૂપે એમને ગામેગામ સહકારી ધોરણે દૂધ ઉત્પાદન મંડળીઓ શરૂ કરાવી. એ પહેલાં દૂધ વેચનારો પશુ પાલક ભટ્ઠાવળાઓને દૂધ વેચતો હતો જેનો ભાવ પણ ભટ્ઠાવાળા જ નક્કી કરતા હતા. સહકારી દૂધ મંડળીઓ શરૂ થતાં પશુપાલકોને દૂધની ગુણવત્તા મુજબ ઘણી વધુ આવક થવા લાગી. ડેરીએ દૂધ ઉત્પાદનની આવક વધતાં બોનલ પણ આપવા માંડ્યું અને ઉત્તર ગુજરાતનો ખેડૂત ઊજળે લૂગડે થયો. આજે પણ મહેસાણા પંથકના ખેડૂતો એમના એ આર્થિક તારણહાર - માનસિંહ ભાઈને બહુ જ સમ્માનપૂર્વક યાદ કરે છે. મહેસાણાની દૂધસાગર ડેરીની પ્રગતિ જોઈ પાડોશી જિલ્લાઓ સાબરકાંઠા અને બનાસકાંઠામાં પણ સહકારી ધોરણે અનુક્રમે સાબર ડેરી અને બનાસ ડેરીની સ્થાપના થઈ. સાબરડેરીના સ્થાપક ભૂરાભાઈ ખોડીદાસ પટેલ અને બનાસડેરીના સ્થાપક ગલબાભાઈ પટેલનું સ્થાન એમના જિલ્લાના પશુપાલકોના હૃદયમાં હંમેશને માટે કોતરાઈ ગયું છે. ઉત્તર ગુજરાતનો ઓછા વરસાદવાળો પ્રદેશ દૂધ ઉદ્યોગની રળિયાત છે. સમસ્ત એશિયામાં સૌથી વધારે દૂધ ઉત્પાદન કરતા પ્રદેશ તરીકે એની ઓળખ પ્રસ્થાપિત થઈ છે. સહકારી દૂધ ઉત્પાદક સંઘોનું કેન્દ્રીય ફેડરેશન અમૂલ ડેરી ખાતે તમામ સહકારી ડેરીઓનું સંકલન અને નિયમન કરે છે તથા એના ચેરમેન તરીકે છેલ્લાં કેટલાંક વર્ષોથી કોઈ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદન સંઘના અગ્રણીઓ જ ચૂંટણી દ્વારા નિમણૂંક થાય છે. સહકારી ક્ષેત્રને રાજકારણ આભડ્યું એથી એને ઘણું નુકશાન પણ પહોંચ્યું છે. ક્યારેક ખેડૂતો અને પશુપાલકોનું જ ગણાતું પ્રતિષ્ઠાન રાજકારણનો અખાડો બની ગયું છે અને એમાં સત્તા પ્રાપ્ત કરવા વિધાનસભા કે લોકસભાની ચૂંટણી જેવા જ ખેલ ખેલાવા લાગ્યા છે. આ પરિસ્થિતિનો ભોગ આખરે તો દૂધ ઉત્પાદન પશુપાલક સમુદાય જ બનતો રહ્યો છે. મહેસાણાની 'દૂધસાગર ડેરી'નું સુકાન એના સંસ્થાપક ચેરમેન માનસિંહભાઈના અવસાન બાદ વર્ષો સુધી જિલ્લાના પ્રખર ગાંધીવાદી કાર્યકર્તા મોતીભાઈ ચૌધરીએ સંભાળ્યું. એ પછી માનસિંહના જ પનોતા પુત્ર અને શંકરસિંહ વાઘેલાના મંત્રીમંડળમાં ગૃહ રાજ્યમંત્રી રહી ચૂકેલા વિપુલ ચૌધરી એના સુકાની બન્યા તથા ગુજરાત બહાર પર દૂધસાગરની શાખાઓ શરૂ કરી એમણે આ સહકારી દૂધ ઉદ્યોગને રાષ્ટ્રીય સ્તરે વિકસાવવામાં સીમાચિહ્નરૂપ ફાળો આપ્યો. ફેડરેશનના અધ્યક્ષ તરીકે નિમાયા ત્યારે એમના સન્માન સમારંભમાં તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી પણ ઉપસ્થિત રહ્યા હતા. વિપુલ ચૌધરીના કાર્યકાળ દરમિયાન સૌરાષ્ટ્ર અને મહારાષ્ટ્રમાં દુષ્કાળ પડતાં પશુદાણ મોકલવામાં આવેલું, જે પૈકી સૌરાષ્ટ્રને મોકલાવેલ પશુદાણનું બિલ ફેડરેશને ભોગવ્યું હતું પરંતુ મહારાષ્ટ્રની મહાનંદા ડેરીને મોકલાવેલ પશુદાણનું બિલ ફેડરેશને ચૂકવવાની તૈયારી નહીં દર્શાવતા એનો ગાળિયો વિપુલ ચૌધરીના માથે આવ્યો છે. વિપુલ ચૌધરીને તહોમતદાર અને લાભાર્થી ગણી ચેરમેન તરીકે હટાવી દેવાયાં છતાં જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘમાં એમની જ પેનલ રંગેચંગે ચૂંટાઈ આવી હતી ને તેઓ પડદા પાછળના પ્રમુખ તરીકે જ વર્તતા હતા. હમણાં દૂધસાગર ડેરીના ડિરેક્ટરોની ચૂંટણી જાહેર થતાં એમને જૂનો કેસ ઉખાડી કસ્ટડીમાં લેવાયા છે. મહેસાણાની અતિપ્રતિષ્ઠિત દૂધસાગર બ્રાન્ડ ઘીમાં પામોલીનની ભેળસેળ પકડાતાં વગોવાઈ છે, જેમાં એક સમયનું લોકપ્રિય સાગર ઘી મોટા જથ્થામાં વેચાયા વગરનું પડી રહ્યું છે. દૂધ ઉત્પાદકોના દૂધના વેચાણને એથી વિપરીત અસર થઈ છે. દૂધની જંગી આવક ડેરીએ મર્યાદિત કરી દીધી છે. આથી કેટલાક તટસ્થ દૂધ ઉત્પાદક આગેવાનોએ 'દૂધસાગર બચાવો' ઝુંબેશ પણ આદરી છે. આખરે સરકારે આ મુદ્દાનું વેળાસર નિરાકરણ આણવું જોઈએ. ભેળસેળ કરનારાં તત્ત્વો અથવા કટકી કરનાર મોટા ચમરબંધી હોય તો પણ એમની વિરુદ્ધ યોગ્ય પગલાં ભરવાં જોઈએ પરંતુ ડેરીને અને દૂધ ઉત્પાદકોને બચાવી લેવાં જોઈએ.

# ઈશ્વર રાજાને રંગ અને રંક ને રાજા બનાવી દે છે



નવાં કલેવર
નટવર હેડાઉ

એક ગામમાં એક બ્રાહ્મણ રહેતો હતો. એક દિવસ રાજાએ તે બ્રાહ્મણને પૂજા કરવા બોલાવ્યો. પૂજા સંપન્ન થયા બાદ, બ્રાહ્મણ ઘેર જવા લાગ્યો ત્યારે રાજાએ બ્રાહ્મણને પુછ્યું, 'તમે ઈશ્વરની વાત કરો છો. મને કહો કે ઈશ્વર ક્યાં છે, ક્યાં દેખાય છે અને શું કરે છે?'

બ્રાહ્મણે જરા વિચાર કરીને પછી રાજાને કહ્યું 'મહારાજ મને થોડો સમય આપો. તો હું આપના આ બધા પ્રશ્નોના ચોક્કસ અને આપ સ્વીકારી શકો તેવા જવાબો આપીશ.' રાજાએ એક મહિનાનો સમય આપ્યો. સમય વિતવાની સાથે બ્રાહ્મણની ચિંતા વધવા લાગી. અને બ્રાહ્મણ ઉદાસ રહેવા લાગ્યો.

બ્રાહ્મણને એક દીકરો હતો. તે ઘણો હોંશિયાર હતો. તેણે પિતાને ઉદાસ રહેવાનું કારણ પૂછ્યું. બ્રાહ્મણે દીકરાને કહ્યું કે રાજાએ તેની પાસે કેટલાક સવાલના જવાબ માંગ્યા છે.

'એમાં શું ? હું તેના જવાબ આપીશ. તમે મને એ સવાલો કહો' દીકરાએ ખૂબ જ આત્મવિશ્વાસ પૂર્વક કહ્યું.

બેટા, તો તો મારી બધી ચિંતા ટળી જાય અને પછી માટે ઉદાસ રહેવાનું કોઈ કારણ જ ના રહે. તો સાંભળ રાજાએ એ એમ પૂછ્યું છે કે ઈશ્વર ક્યાં રહે છે? ક્યાં દેખાય છે? અને શું કરે છે. મને તો કંઈ સુઝતું નથી.

દીકરાએ કહ્યું, 'બાપુજી તમે મને રાજા પાસે લઈ જજો... તેમને હું જવાબ આપી દઈશ.'

બરાબર એક મહિના પછી બ્રાહ્મણ તેના દીકરાને સાથે લઈ રાજા પાસે ગયો અને બોલ્યો, 'મહારાજ આપના સવાલોના જવાબ મારો દીકરો આપશે.'

રાજાએ બ્રાહ્મણના દીકરાની સામે જોયું પછી પૂછ્યું, 'બોલ ઈશ્વર ક્યાં રહે છે?' બ્રાહ્મણના દીકરાએ કહ્યું, 'રાજન, પહેલાં અતિથિનો આદર સત્કાર કરવામાં આવે છે. આપે તો આતિથ્ય કર્યા વિના જ પ્રશ્નો પૂછવાનું શરૂ કરી દીધું.' રાજાએ અતિથિ માટે દૂધ લાવવાનો આદેશ કર્યો. છોકરાએ દૂધના પાત્રમાં આંગળી ડૂબાળી ફેરવી વારે વારે દૂધની બહાર કાઢી જોવા લાગ્યો. રાજાએ પૂછ્યું, 'આ શું કહે છે?' છોકરાએ કહ્યું, 'એવું સાંભળવામાં આવ્યું છે કે દૂધમાં માખણ હોય છે. હું એ જ જોઈ રહ્યો છું કે દૂધમાં માખણ ક્યાં છે?'

રાજાએ કહ્યું, 'તારી વાત સાચી છે. દૂધમાં માખણ હોય છે. પરંતુ તે દેખાયું નથી. દૂધને જમાવીને દહીં બનાવવામાં આવે છે. દહીંને વલોવીએ અત્યારે માણસ મળે છે.' બ્રાહ્મણના દીકરાએ કહ્યું, 'મહારાજ આ તમારા પહેલા સવાલનો જવાબ છે. પરમાત્મા પ્રત્યેક જીવમાં વિદ્યમાન છે. તેને મેળવવા માટે પૂજા, પાઠ, જપ, તપ કરવા પડે છે.'

જવાબ સાંભળીને રાજા ખુશ થયો અને કહ્યું 'હવે મારા બીજા સવાલનો જવાબ આપ.' ઈશ્વર ક્યાં છે? બ્રાહ્મણના દીકરાએ તરત એક મીણબત્તી મંગાવી - અને તેને પેટાવીને રાજાએ કહ્યું, 'મહારાજા આ મીણબત્તી ક્યાં પ્રકાશ ફેંકે છે? રાજાએ કહ્યું, 'મીણબત્તીનો પ્રકાશ ચારેબાજુ ફેલાય છે.' છોકરાએ કહ્યું, 'આ તમારા બીજા સવાલનો જવાબ છે. પરમાત્મા બધી દિશાઓમાં દરેક પ્રાણીઓના કર્મોને જુએ છે.' રાજાએ ખુશ થતાં કહ્યું, 'સારું, તો હવે તું મને મારા છેલ્લા સવાલનો જવાબ આપ.' પરમાત્મા શું કરે છે?' બ્રાહ્મણના દીકરાએ પૂછ્યું, 'આપ મને કહો કે આ સવાલનો જવાબ તમે મને ગુરુ બનીને પૂછો છો કે શિષ્ય બની ને ?' રાજાએ વિનમ્રતાથી કહ્યું, 'હું આ પ્રશ્ન શિષ્યબની ને પૂછી રહ્યો છું.' આ સાંભળી છોકરાએ કહ્યું, 'વાહ, મહારાજ, તમે ભલે શિષ્ય રહ્યા. ગુરુ નીચે જમીન પર અને શિષ્ય સિંહાસન પર બિરાજમાન છે.' આ સાંભળી રાજા પોતાના સિંહાસન પરથી નીચે ઉતર્યો અને બ્રાહ્મણના દીકરાને સિંહાસન પર બેસાડી પૂછ્યું, 'હવે કહે 'ઈશ્વર શું કરે છે?' જવાબ મળ્યો 'હવે કહેવાનું શું બાકી છે. ઈશ્વર રાજાને રંગ અને રંક ને રાજા બનાવી દે છે.' રાજાએ ખુશ થઈ તેને સલાહકાર તરીકે રાખી લીધો.

# આપણાં ઔપચારિક સંબંધોને માત્ર ઔપચારિક જ ના રહેવા દઈએ



આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

(ગતાંકથી ચાલુ)

એક ગરીબ માછીમાર હતો. એ માછીમાર રોજ દરિયાકિનારે જાય અને માછી મારવાની પોતાની જાળ દરિયામાં પાથરે. એ જાળ દરિયામાં બે-ચાર કલાક પડી રહેવા દે અને પછી જાળ દરિયામાંથી કાઢે. જાળમાં જેટલી પણ માછલી પકડાઈ હોય તેને બજારમાં વેચીને પોતાનું ગુજરાન ચલાવે.

એ માછીમાર દરિયામાં જાળ પાથરે અને પછી બે-ચાર કલાકે એ જાળ બહાર કાઢે તે સમય દરમ્યાન એ માછીમાર દરિયાકિનારે ટહેલતો હોય, મિત્રો સાથે ગપ્પાં મારતો હોય અથવા દરિયે કિનારે આવેલા એક મંદિરમાં જઈને આરામ અરમાવતો હોય. એ જ દરિયાકિનારે એક પોલીસમેન પણ દરરોજ પેટ્રોલીંગ માટે નીકળે. ક્યારેક ચાલીને, ક્યારેક બાઈક ઉપર તો ક્યારેક જીપ લઈને. મોટેભાગે એ પોલીસમેન અને પેલા માછીમારનો દરિયાકિનારે ભેટો થઈ જ જાય. એ બન્નેનો જ્યારે જ્યારે ભેટો થાય ત્યારે માછીમાર ઊભો રહી તેને સલામ કરીને, 'સલામ સાહેબલ્લ બોલીને એ પોલીસમેનનું અભિવાદન કરે. પોલીસમેન પણ ક્યારેક 'સલામલ્લ બોલીને, ક્યારેક સ્મિત આપીને તો ક્યારેક માત્ર હાથ ઊંચો કરીને પ્રતિભાવ આપે. આવું લગભગ બે-એક વર્ષ ચાલ્યું.

એક દિવસ એ દરિયાકિનારે કોઈ વ્યકિતએ મોટો ગુનો આચર્યો અને પોલીસની ક્રાઈમ બ્રાન્ચે કેટલાક શંકાસ્પદ લોકોની ધરપકડ કરી તેમાં પેલા માછીમારની પણ શકમંદ આરોપી તરીકે ધરપકડ થઈ. હકીકતમાં એ માછીમાર તદ્દન નિર્દોષ હતો.

પોલીસચોકીમાં શકમંદ આરોપીઓની લોકોની પ્રાથમિક પૂછપરછ થતી હતી તે દરમ્યાન પેલો પેટ્રોલીંગ વાળો પોલીસમેન પોલીસચોકીમાં દાખલ થયો. તેણે પેલા માછીમાર ને જોયો અને તેને આશ્ચર્ય થયું. માછીમારે તેમણે 'સલામલ્લ કરી. પોલીસમેને એ માછીમારને પોલીસચોકીમાં લાવવાનું કારણ જાણ્યું. કારણ જાણ્યા પછી એ પોલીસમેને તરત જ પોતાના ઉપરી અધિકારીને વિશ્વાસપૂર્વક કહ્યું કે આ માછીમારને પોતે સારી રીતે ઓળખે છે અને તેના ઉપર શંકા કરી છે એ ખોટી છે. પોલીસમેને તેમણે છોડી દેવા વિનંતી કરી. ઉપરી અધિકારીએ તેની વિનંતી માન્ય રાખી અને થોડી ઔપચારિક પૂછપરછ કરીને એ માછીમારને છોડી દીધો.

ઔપચારિક સંબંધોમાં ભલે માત્ર આંખની જ ઓળખાણ હોય, ભલે "હાય, હલ્લો" પૂરતા જ સંબંધો હોય પણ એવું બને કે એ જ આંખની ઓળખાણ ક્યારેક આપણને અચાનક આવી પડેલી મુસીબતના સમયે ઉપયોગી થઈ જાય અને પછી એ જ આંખની ઓળખાણ હૃદયની ઓળખાણ બની જાય. આવું તો જ શક્ય બને જો આપણે એ આંખની ઓળખાણ પણ નિ:શ્વાર્થભાવે રાખી હોય અને એ ઓળખાણ જાળવી રાખી હોય.

આપણે જો નિરાંતે બેસીને આપણાં બધા જ પ્રકારના ઔપચારિક, અનૌપચારિક, ઘનિષ્ઠ, અંગત, અંતર્ગત, સંબંધોની વ્યવસ્થિત ગણતરી માંડીએ તો આપણને ખ્યાલ આવશે કે આપણાં અંગત, ઘનિષ્ઠ સંબંધોની સંખ્યા કરતાં માત્ર નામ પૂરતા જ ઔપચારિક સંબંધોની સંખ્યા વધારે હશે. આમ જોઈએ તો આપણે એવું માનતા હોઈએ છીએ કે આ પ્રકારના ઔપચારિક સંબંધો કંઈ જ કામના નથી હોતા. એવું માનવા પાછળનું કારણ એ હોય કે એવા સંબંધો થકી આપણને કોઈ જ પ્રકારનો આનંદ માણી શકતા નથી. હા, કોઈ એવી મોટી, વિખ્યાત, નામાંકિત, મોભાદાર વ્યક્તિ સાથે જો આપણાં એ પ્રકારના ઔપચારિક સંબંધો હોય તો ક્યારેક આપણે આવું ખોટું ગૌરવ લઈ શકીએ કે ફલાણી વ્યક્તિ સાથે મારે ઓળખાણ છે. ભલે એ ઓળખાણ માત્ર નામ પૂરતી જ હોય, ઔપચારિક જ હોય.

ઔપચારિક સંબંધો ગમે એટલી સંખ્યામાં હોય, તેને ઓછા ના કરીએ. એ સંબંધોને ભલે "જેમ છે એમ જ" જ રહેવા દઈએ, જ્યાં છે ત્યાં જ તેને ટકાવી રાખીએ તો એમાં કોઈ જ પ્રકારનું નુકશાન તો નથી જ કારણકે એ સંબંધોને સાચવી રાખવા માટે આપણે સમય, શક્તિ કે નાણાંનો કોઈ જ પ્રકારનો ખર્ચ કરવો પડતો નથી.

ઔપચારિક સંબંધોનું મૂલ્ય પણ ક્યારેય ઓછું ના આંકી શકાય. અનેક ઔપચારિક સંબંધોમાંથી કેટલાક ચુનંદા સંબંધોને જો આપણે ધીમે ધીમે વિકસાવી શકીએ તો એ સંબંધો આપણાં માટે ક્યારેક અમુલ્ય ખજાનો સાબિત થઈ શકે છે. અનેક અનૌપચારિક સંબંધોમાથી કોઈ એકાદ બે સંબંધો પણ જો સારી રીતે વિકસી શકે, એ સંબંધો જો સાચા અર્થમાં સંબંધો બની શકે તો કદાચ એ જ સંબંધો આપણાં જીવનને ધન્ય ધન્ય બનાવી શકે છે.

આપણાં કેટલાક સંબંધો ઘનિષ્ઠ હોય, અંગત હોય અને એ સંબંધોનુ આપણે વર્ષોથી જતન કર્યું હોય પણ કોઈ જ કારણસર એ સંબંધો ધીમે ધીમે આપણાંથી દૂર થઈ જાય એવું બનતું હોય છે. એ સંબંધો વચ્ચે ભલે કોઈ જ પ્રકારની દિવાલ ઊભી ના થઈ હોય, એ સંબંધો વચ્ચે ભલે ઊંડી ખાઈ ના પડી ગઈ હોય, છતાં કોઈ અકળ કારણસર એ ઘનિષ્ઠ સંબંધો ધીમે ધીમે ઔપચારિક સંબંધોમાં ફેરવાઈ જતાં હોય છે. આવું થાય છે ત્યારે સંબંધો સાચવી ન શક્યા તેની પીડા પણ થતી હોય છે. એ સંબંધોની ખાટી-મીઠી સ્મૃતિઓને વાગોળીને આપણે છૂપા આંસુઓ પણ સારી લેતા હોઈએ છીએ. એ સંબંધો દૂર થઈ ગયા અને માત્ર ઔપચારિક જ રહી ગયા તેની અસહ્ય વેદના પણ આપણને સતત કોરી ખાતી હોય છે.

આ પ્રકારના એ સંબંધોનું જો પ્રમાણિકપણે વિશ્લેષણ કરીએ, એ સંબંધો વિષેનું જો સાચા મન થી મનોમંથન કરીએ તો કોઈ કારણ તો ચોક્કસ મળી આવે. આ પ્રકારના સંબંધોના પાતળા થઈ ગયેલા તાંતણાઓને જો ફરી પાછા સ્નેહ અને પ્રેમ થકી મજબૂત કરી શકીએ તો એ આપણાં સંબંધોના જીવનની મોટી સફળતા ગણી શકાય. એ સંબંધોમાં જો ફરી પાછી પ્રેમની જ્યોત પ્રગટાવી શકીએ તો એ સંબંધો બંને વ્યક્તિના જીવનમાં પ્રકાશ પાથરી અને દિવ્યતા પ્રગટાવી શકે છે. બસ, આપણે સૌ એકવાર પ્રયત્ન કરી જોઈએ.

# પ્રગતિ અને વિકાસ જાણળા, પામવા, માણવા દૃષ્ટિ જરૂરી છે!



જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

કોવિડની વૈશ્વિક મહામારી જયારથી પ્રગટ થઈ અને ક્રમશ: સમગ્ર દુનિયાને ભરડો લીધો ત્યારથી દરેક સભ્ય સમાજ તથા વ્યક્તિઓનો અસલી ચહેરો નજર સામે આવ્યો જ છે. દુ:ખ કે વિપત્તિમાં મનનો ભાવ સ્થિર રહે અને નિર્ણાયકતા સાચી રહ્યા કરે ત્યારે માનવું કે મળેલું જ્ઞાન કે ઉપદેશ સાચા છે. વિદેશોમાં છેલ્લા બે દાયકાથી આપણું યુવાધન જઈ રહ્યું હતું પરંતુ કોરોના સમય પછી એવો અહેસાસ બધાને થવા લાગ્યો કે વિદેશોમાં કમાણી ડૉલરમાં થાય છે, આધુનિક જીવનની સવલતો છે છતાં ત્યાં જીવ બચાવવા માટેની જિજ્ઞાસા નથી અથવા અનુશાસન તથા કાનૂનમાં માન્યતા ધરાવતી પ્રજા પણ લોકડાઉન માટે હકારાત્મક વલણ ધરાવવામાં સદંતર નિષ્ફળ રહી. આ સ્થિતિની સામે ભારતમાં બહુધા લોકો એ લાંબા સમય સુધી નીતિનિયમોનું પાલન કર્યું અલબત્ત દીપાવલી ને પેટા ચૂંટણીઓ બાદ ભીડનાં કડવા ફળ સમય જતા મળી ગયા ત્યારે ફરીથી સાબિત થયું કે કર્મનો કાયદો અકબંધ છે. ઉપરાંત - માનવી શિસ્ત પાલનમાં ઊણો ઉતરે તો શિક્ષા સ્વયં થતી જ હોય છે. કોરોના મહામારીથી તબાહી ધીમા ઝેરની જેમ મળી રહી છે. ત્યાં દરેક દેશ આર્થિક દૃષ્ટિએ કંગાળ થાય એવું એક વ્યવસ્થિત ષડયંત્ર આ વાઈરસ છોડનાર રાષ્ટ્રનું છે તે સ્પષ્ટ છે. ભારતનો જીડીપી નકારાત્મક થઈ ગયો, ધંધો ઉદ્યોગ મંદ થયા - નાણાં સંસ્થાઓ તથા બેન્કોની સધ્ધરતામાં વિઘ્નો ઊભા થયા, નવા રોજગાર સર્જવામાં અમલીકરણ ભાંગી પડ્યું ઉપરાંત હોટેલ્સ, ટુરિઝમ, ઉડ્ડયન, પરિવહન થતા સેવાકીય પ્રવૃત્તિઓમાં જબરદસ્ત મંદી આવી ગઈ અને તેમાંથી બહાર આવતા હજી ઘણો સમય લાગી જશે. અર્થતંત્રના બધા જ સેકટરમાં કૃષિ એ ભારતની લાજ રાખી છતાં હાલ ઘણા સમયથી કૃષિના નવા કાનૂનને રોકવા ખેડૂતોના સંગઠનો આંદોલન ચલાવી રહ્યા છે. વડાપ્રધાન મોદીજીનું મિશન છે કે કૃષિકારોની જે આવક છે તેને બમણી કરવી અને તેની વ્યૂહરચનામાં ઘણું બધું નવું ઉમેરવામાં આવ્યું છે. સંગઠનની તાકાત તેની માસ્ટર કી છે ખેડૂતો ખુશ તો રાષ્ટ્ર પણ ખુશ - છતાં અજંપો વધ્યો છે.

હવે સમજીએ કે વડાપ્રધાનની નીતિ કૃષિકારોની આવક ડબલ કરવાની હોય, એફપીઓ દેશમાં બજેટ મુજબ કાર્યરત કરવાના હોય, ઈન્ટરનેટ આધારિત વિશાળ માર્કેટ પ્રાપ્ત કરાવવાનું હોય તો પછી ખેડૂતો શા માટે ભયભીત થયા છે? લઘુત્તમ ભાવો, કૃષિ ઉત્પન્ન માર્કેટીંગ યાર્ડ, ખરીદ-વેચાણની વ્યવસ્થા વગેરેમાં પ્રશ્નો ક્યાં છે? વચેટિયાઓ આટલું મોટું આંદોનલ કરી શકે? હરિયાણા તથા પંજાબના ખેડૂતો વધુ ગુસ્સામાં શા માટે છે? આ પ્રકારનાં ઘણા વિરોધીભાસી સમીકરણો જોવા મળે છે. અન્નદાતાનો વર્ગ કોઈ પણ પ્રકારે રાજી રહે એ જોવાની જવાબદારી કોઈ પણ પ્રશાસન સત્તામાં હોય તેની છે. એક શૅર સુંદર છે -

'જંગલ આખુ ખોઈ નાંખ્યુ
નાની અમથી વાતમાં
ઔકાત પૂછી હતી
તિખારા ને કોઈએ...!'

ખેડૂતોની દલીલો ઘણી બધી છે અને સમસ્યા ને હવા આપવામાં પણ ઘણાને રસ હોય શકે જેને રાજકારણની બદબૂ જ કહી શકાય છતાં ભારતની પ્રગતિ કે વિકાસમાં ખેતીવાડીને અવગણી શકાય જ નહીં. ભારત બધા માટે, ભારત માટે કોણ? ખબર નથી કે હવે પ્રશાસન કઈ રીતે કેવી ગતિથી આત્મનિર્ભર બનાવશે દેશને ? બધા ક્ષેત્રો ઉકળતા ચરૂ જેવા થઈ રહ્યા છે નવું નવું જંગી ખર્ચ સાથે સાકાર થઈ રહ્યું છે જયારે આમ નાગરિક પ્રતિદિન પીડિત થઈ રહ્યો છે. એકસૂત્રતાની ખામી પુષ્કળ છે. આરોગ્ય ક્ષેત્રમાં પણ દેશી ઉપચાર પદ્ધતિનાં ડૉકટર્સ ને શસ્ત્રક્રિયા કરવા સુધી પરવાનગી આપવા જે પગલું ભર્યું છે તેમાં લાગે છે કે આ આયોજન ઘાંઘુ છે શા માટે ડહાપણભર્યા નિર્ણયો લેવામાં નથી આવતા ? શિક્ષણ માટે પણ કોઈ નક્કર વાત નહીં. ડૉકટર્સની હડતાળ પડી તો એ શા માટે થઈ અને કઈ ચીજ સ્વીકૃત હોય તે અંગે સરકાર કેમ વિચારતી નથી? 'ચાલુ વર્ષને ઝિરો યર' (ZERO YEAR) જાહેર કરવા માટે કદી વિચારણા ના થઈ શકે કે જયારે ખબર જ છે કે આ કોવિડ લાંબો સમય રહેવાનો છે તથા રસી મળશે તો કેવી રાહતરૂપ થશે તેની કોઈ ગેરન્ટી નથી. બધી જ સમસ્યાને ખુબ ઉકાળવી શું જરૂરી છે? કૃષિ માટે સત્વરે જે કંઈ કરવું પડે તે કરવાની આ ઘડી છે કેમ કે પછી ઘા રૂઝાતા પુષ્કળ સમય લાગી જશે.

'તમે લાગણીની જરા છાંટ નાખો
તમારા તો આંસુ ય કોરા પડે છે.'

દરેક વ્યક્તિ જિંદગી આખી સવલતો - આવક વૃદ્ધિ માટે ખુબ પ્રયાસો કરી શકે પણ એમ કરવાથી સુખ પ્રાપ્ત થશે કે કેમ એ અંગે કોઈ ખાત્રી નથી મતલબ કે દૃષ્ટિની ખામી અગર હોય તો સુખ આવીને જતું રહે તો ખબર પણ પડે નહીં ! અંતમાં કવિ ભરત વિંઝૂડાની કૃતિ બહુ મનનીય છે જૂઓ.

કાલ કરતા વિચાર જુદો છે
આજ થોડો પ્યાર જુદો છે!
સામ સામે ફૂલો જ ફેંકેલા,
પણ પછી નો પ્રહાર જુદો છે!
હું જે સમજું છું તે અલગ છે ને
તું કહે છે એનો સાર જુદો છે!
લોહી નીકળે તો સૌને દેખાડું
પણ અહીં મુંઢમાર જુદો છે!!

સામુહિક રીતે ભારતનું ઐક્ય, શક્તિ અને નેતૃત્વ વિશ્વમાં વધે એ પ્રકારે આ કપરાકાળમાં વહીવટ ચલાવવા પ્રજા પણ પૂર્ણ સહયોગ કરે તથા સરકાર શુદ્ધ ઈરાદાઓ ને પાર પાડે તેવી અપેક્ષા છે. ભારત મહાન છે કારણ અહીં ભગવાન પ્રત્યેક ઈન્સાનમાં નિત્ય દર્શન આપે છે.

**શેર આસ્વાદ :**

**અહીં ભર શિયાળે વરસાદ થયો છે**
**લાગે છે મોસમ સાથે પણ દગો થયો છે.**